સત્યમેવ જયતે.

મહુવા રેલ.

સંવત ૧૯૪૭ ની સાલમાં બંદર મહુવામાં

માલણનદી રેલી તેનું કરૂણામય ચીત્ર.

બનાવી પ્રસિદ્ધ કરનાર

કવિ ઠક્કર. વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ધોળકિયા.

રહેવાસી મહુવાબંદર.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ મધ્યે.

ધી યુનિયન પ્રિંટિંગ પ્રેસના મેનેજર

મેલાભાઈ નરસિંહદાસે છાપી

સંવત ૧૯૪૭ સન ૧૮૯૧.

કિંમત દોઢ આનો.

સત્યમેવ જયતે. ૪૮૯૫

મહુવા રેલ.

સંવત ૧૯૪૭ ની સાલમાં બંદર મહુવામાં
માલણનદી રેલી તેનું કરૂણાત્મ ચિત્ર.

બનાવી પ્રસિદ્ધ કરનાર

કવિ. ડાક્ટર. વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ધોળકિયા.
રહેવાસી મહુવાબંદર.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ મધ્યે.

ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસના મેનેજર
ધેલાભાઈ નરસિંહદાસે છાપી.
સંવત ૧૯૪૭ સન ૧૮૯૧.

કિંમત દોઢ આનો.

"હરિગીત છંદ."

એ ઇશ નામું શિશ હે જગદીશ, અરજી ધારજે;
અમ દિનતણી આ અલ્પ સ્તુતી, રે'મથી સ્વીકારજે;
જગ ઝેર વરસ્યું હોય ત્યમ, વર્સાદ વરસ્યો આસમે;
મહા કેર કર્યો દીન પાંચમાં, દુષ્ટી અતિ અહીંઆં દમે;
દિન ચારમાં આવ્યું અતીશે, માલણે[1] પુર સામટું;
વરસાદનું પાણી વળી, પાણી સરીતાનું[1] વધ્યું;
આવ્યું ઉછાળા મારતું, ઘેર્યું ગામ ચોપાસથી;
પાડી પરાઓ ઉજડ કિધાં, લોકો રૂવે નિશ્વાસથી. ૨
[2]વારિ ઘુમતું [3]માતંગ પેડે, મારતું ચક્કર અહીં,
ઉત્પાત કરતું આવિયું, ગડયું ગામની અંદર સહી;
દરબારમાંથી નીકળ્યા, અધિકારિઓ મુખે વદી;
પધરાવિ ચુંદડી મોડિયો, વધાવિયાં માલણ નદી. ૩
રહ્યું તાણ પાણિનું કલાકેક, પછી તો સમાઇ ગયું,
[4]નિધીએ માઝા નવ મુકી, નિજ પાસ બોલાવી કહ્યું;
છલકાય ખાડાં ખબોચિયાં, છલકાય નેરાં ખાતરાં,
છલકાય નહીં સાગર કદી, વદે વેણુ વિઠલ પાધરાં. ૪

"રાગ મરસિયાનો."

હાય વોયરે, મહુવામાં માલણ રેલી ગઇ, મહુવામાં માલણ રેલી ગઇ,
આ અનિતી વખ્ત પહેલી થઇરે. હાય વોયરે. ૧
ઓગણીશે સુડતાળીશ સાલ, વર્શા રૂતુના દીનો મેઝાર;
અશાડ વદી સાતમ સોમવારરે. હાય વોયરે. ૨
અંગ્રેજી તારીખ સતાવિશે, માસ જુલાઇ જુલ્મ અતિશે;

---

૧ મહુવા શહેરની નદી. ૨ પાણી. ૩ હાથી. ૪ સાગર.

રાત્રિ તણા તે દસ બજ્યા દિસેરે. હાય વોયરે. ૩
દીન પાંચથી વરસાદ એલી, દીન ચોથે માલણ બની ઘેલી;
કરી ક્રોધ મહુવા માંહીરેલીરે. હાય વોયરે. ૪
[1]મધુમતિ નગરી અતિ સારી, દુખીજનોનું દુઃખ ટાળનારી;
પણ આવે આફતો અણુધારીરે. હાય વોયરે. ૫
શું હશે [2]મધુપુર વાંક, પહેલા બોલી કોલેરાની હાક;
રેલે વાળ્યો છે આડો આંકરે. હાય વોયરે. ૬
અગ્ની પાણીને કોલેરા ઓપ્યો, લોકો શિરે દુખી સ્થભ રોપ્યો;
શું જાણું જે કૃષ્ણજી કોપ્યોરે. હાય વોયરે. ૭
રેલે કીધો કલાકમાં કેર, કીધી પ્રજાની બુરી પેર;
વિઠ્ઠલદાસ કહે કેમ નાવે મ્હેરરે. હાય વોયરે. ૮

"રાગ કેરબો."

(રેલ શી રીતે આવી.)

રેલી માલણ નદી આંઇ, મહુવા બંદર માંહીરે; બેચાર.
એક પાસથી બુટાપાટનું, આવ્યું આંઇ [3]વારી;
બીજી પાસથી માલણ રેલી, ત્રીજી રાત અંધારી. રેલી૦ ૧
ચોથી પાસે [4]વારિદ વરસે, વાળે મોટું વ્હેર;
પવનના ઝપાટા ઉઠયા, માંડયો અકરા કહેર. રેલી૦ ૨
નહીં ગાજ ને નહીં વીજ પણ, વરસે અંદ્રાધાર;
બુચો બુટિયો માલણ મળિને, કરવા આવ્યા ઠાર. રેલી૦ ૩
વિઠ્ઠલદાસ વણિક વદે છે, વરત્યો હાહાકાર;
આવું કો વખ્તે નથી બનિયું, પડિયો મોટો માર. રેલી૦ ૪

૧—૨ મહુવા બંદર. ૩ પાણી. ૪ વરસાદ.

"રાગ ગોપીચંદનો."

(સંહાર સ્થિતી.)

મહુવા બંદરમાં માલણુ રેલીરે વાત શું વર્ણવું. ટેક
કોપ કરી અહીં માલણુ રેલી, સાગર રેલ જણાય;
ઉલ્કાપાત અહીં અતિ મંડાયો, સુરત રેલ મનાયરે. મહુવા૦ ૧
તાપી, નર્મદા, કૃષ્ણા, કાવેરી, સાબરમતી, બાદર;
ગંગા, યમુનાં, જાણે રેલી, પહોચ્યું પાણી પાદરરે. મહુવા૦ ૨
વીંધી વાડીઓ ઝાડ પાન તાણ્યાં મોલ ઉગેલા ક્ષેત્ર;
શાખ, ભાજી, ફુલ. ઝાડ તણાયાં, વીંચી ઉઘાડે નેત્રરે. મહુવા૦ ૩
ભંગિયા વાડને ફકીરવાડો, ઝુંપડાં તાણી જાય;
બાદરોડ દરવાજે પાણી, કિલ્લા સાથ અથડાયરે. મહુવા૦ ૪
વંડા વાડી ઉપાડી ચાલી, તાણ્યાં બાંકડા સર્વ;
શાકપીઠ સમૂળી તાંણી, ધરી અતિશે ગર્વરે. મહુવા૦ ૫
ખોળ બજારે ખોળ પલાળ્યા, ત્રાસ પડયો તે વખ્ત;
વરસાદ મૂશળધારા વરસે, સુતા તણાયા શખ્સરે. મહુવા૦ ૬
બહારપરૂ પાડીને ચુરણુ, કર્યું પલકમાં એક;
માલમત્તા સઉ તાણી ચાલી, જાનવરો જણાય વિશેકરે. મહુવા૦ ૭
આરબવાડો, ધોબીવાડો, વ્હોરાવાડનું સ્થાન;
સર્વે પડીને પાદર બનિયાં, ધીરજરામ મકાનરે. મહુવા૦ ૮
નવે દરવાજે ટેલિઆફના, સ્થંભો તુટયા તાર;
બંધ રહ્યું કામ તાર ઓફીસનું, માસ્તરો કરે વિચારરે. મહુવા૦ ૯
ખાખચોકને પ્રેમધર્મશાળા, બહારપરામાં ઉચાટ;
સિપાઈ શેરી ચોકવલીબાઇ. દેખુ અતી ગભરાટરે. મહુવા૦ ૧૦
હરિયાળીને કોઠે મકાનો, ખડં શેરીના અથાગ;

આરદરવાજે પોકાર પડિઓ, વાગી [૧]સરિતા હાકરે. મહુવા૦ ૧૧
સીકંજા કોઇ ખળભળીયાને, પ્રેસમાં પડયો પોકાર;
બહાર પરામાં કુંભારવાડે, ભાગીં છુટયાં નરનારરે. મહુવા૦ ૧૨
લાતી વાળાઓનાં લાકડાં તાણ્યાં, રાખી ન કશીએ કચાશ;
તોય સરીતા નવ ધરાઈ, ઘેર્યું ગામ ચોપાસરે. મહુવા૦ ૧૩
સિકંજા પાસેના મકાનો પડિયાં, દટાયા છે મત્તા માલ;
વાસી તળાવને દરવાજે જે, બ્હારપરૂં બેહાલરે. મહુવા૦ ૧૪
કુંભારવાડો સુતારશેરી, ધર્મશાળ પાસેનાં મકાન,
રામચંદ દામજીનું મકાન ખોલી, લીધાં માણુસો તમામરે. મહુવા૦ ૧૫
ડાકટર સાહેબે યત્ન કરીને, બચાવ્યા ઘણાના જાન;
પાણી સરોવરે અતિ ભરાયું, બન્યા બિચારા હેરાનરે. મહુવા૦ ૧૬
ગામની અંદર ઘણાં પડિયાં, જેનો નહીં કાંઇ મેળ;
મ્યુનિસિપાલિટી તપાસ કર્તા, હજાર અગ્યારસેં ગણેલરે. મહુવા૦ ૧૭
મુવા તણાઇ મુવા દટાઇ, મનુષ્યો પોણોસો સુમાર;
જાનવરો મોટાં સાડા ત્રણસેં, નાનાંનો નહીં પારરે. મહુવા૦ ૧૮
કુલ નુકશાની ગામની ગણતાં, લાખ સવા લાખની ગણાય;
હાહાકાર ગણાયો ગામે, શુદ્ધ બુદ્ધ સઘળી જાયરે. મહુવા૦ ૧૯
વાસણ કુસણ રાચ રચીલું, વસ્ત્રાભુષણો જણાય;
ગઈ કેટલુંક તાણી સરિતા, કેટલુક દટાયું ભણાયરે. મહુવા૦ ૨૦
વિઠ્ઠલદાસ વણિક વદેછે, સાંભળજો પાણા સોય;
ભાવિની વાત કોઇ ભાખે નહી, હરિ કરે તે હોયરે. મહુવા૦ ૨૧

---

૧ માલણનદી.

"રાગ બનઝારા."

(દિલગીરી દેખાવ.)

રેલી મહુવા બંદરમાં રેલ, કીધી માલણ નદીએ પ્હેલ; ટેક.
રેલે સર્વસ તાણી લીધું, અણુઘટતું આ શાહેરમાં કીધું;
તોડી પાડ્યા છે મોટા મહેલ૦ કીધી૦ ૧
નાખ્યા મનુષ્ય ઘણાઓ મારી, તેથી કરે રૂદન નરનારી,
લિધા ખપરે ભણેલ ગણેલ૦ કીધી૦ ૨
મુવા પરણેલાને કુંવારા, મુવા ગરીબ લોકો બિચારા;
બચ્યું માસ બે માસ જન્મેલ૦ કીધી૦ ૩
બકરાં ગાડરનો નહી પાર, વચ્છ પાડરૂં મુવાં અપાર;
ગાયો ભેંસો મરાયા બેલ૦ કીધી૦ ૪
થઈ ઉદાસી અહીં થોકે થોકે, રૂવે મનુષ્યો પોકે પોકે;
રડારોળ ઘેર ઘેર બનેલ૦ કીધી૦ ૫
રૂવે રાંડીરાંડો મુખ વાળી, રૂવે પરણેલી આંસુ ઢાળી;
રૂવે પુત્ર વિનાની થયેલ૦ કીધી૦ ૬
ફરે નગ્ન રૂપે કોઈ નારી, ફરે ભીનાં વસ્ત્રો બિચારી;
ફાટલ તુટલ પોતીયુ પે'રેલ૦ કીધી૦ ૭
કોઈ છાતી કુટે ને રૂવે, કોઇ ચક્ષુથી અશ્રુ લૂવે;
રૂવે માલ દટાઇ ગયેલ૦ કીધી૦ ૮
કોઇ પડેને શીર પછાડે, કોઇ ઘેર છાજીયાંઓ ઓલારે;
આવો વખ્ત કદી ન આવેલ૦ કીધી૦ ૯
ફરે રાંકાટના રૂપે લોક, આણી અતિશે મનમાં શોક;
ફરે બુરા હવાલે થયેલ૦ કીધી૦ ૧૦

---

૧ આંખો ૨ આંસુ.

વિઠ્ઠલદાસ વદેશું ઝાઝું, જોઇ કષ્ટ અતિ ચિતમાં દાઝું;
ન્યારા દિસેછે ઇશ્વરી ખેલ. કીધી. ૧૧

"રાગ મરસીયાનો."

(સરિતા પ્રતી ઉવાચ.)

હાય વોય કેમ, માલણુ તેં દગો દીધો, માલણુ તેં દગો દીધો;
સારા શહેરનો અપજશ લીધોરે; હાય વોય કેમ. ૧
શું કષ્ટે ભરાયું તું ઝેર, કર્યો પલકમાં કાળો તેં કહેર;
ભુંડી ક્રિયા ભવનું વાળ્યું વ્હેરરે, હાય વોય કેમ. ૨
પાણી પોધ ચડાવ્યા અતિશે, છલંગ મારતી [1]ગીરી સમ [2]નીશે;
કર્તી ગર્જના સાગર મિશેરે. હાય વોય કેમ. ૩
તુજ દેખાવ ભયંકર ભારી, કરી એકી કલાકે ખુવારી;
નાખ્યાં મનુષ્યો ઘણા તેં મારીરે હાય વોય કેમ, ૪
ભુંડી વિશ્વાસઘાત તેં કીધો, મૂખ બાંધી છુપો માર દીધો;
અપજશ નમેરી તેં લીધોરે. હાય વોય કેમ. ૫
લાણુ વાળ્યો ઘોઝારી તેં ઝાજો, તોડી નાંખ્યો ગરીબોનો માજો;
રાંક રખડાવ્યા ઘા કરી તાજોરે. હાય વોય કેમ. ૬
કઇક રાંડીરાંડો રોવરાવી, કઇક પરણેલીને તેં રંડાવી;
કઇક ગર્ભવંતીઓ ઉડાવીરે. હાય વોય કેમ. ૭
પડ્યાં મકાનો પાછાં નવ થાશે, લોકો આશરા વિના મુંઝાશે;
કહે મુખેથી નખ્ખોદ જાશેરે, હાય વોય કેમ. ૮
મહા જુલ્મી નિર્દય તું ઓપી, ભુંડી શા સારૂ અહીંયાં તું કોપી;
વિઠ્ઠલદાસ કહે માઝા તેં લોપીરે. હાય વોય કેમ. ૯

---

૧ પર્વત. ૨ રાત્રી.

"લલિત છંદ."

(એક તરૂણ સ્ત્રી વિલાપ.)

અરર હાયરે હાય હાયરે, પતિ વિના ખરે જીવ જાયરે;
ક્રૂરજ કાળતું ક્યાંથી આવિયો, ખબર માહિ આ ક્યાંથિ લાવિયો ૧
ગરિબિ હાલ તે ખપ્પરે લિધો, નિર્દય માલણી તેં દગો દિધો;
ઉમર માહરી તેરની હતી, વરસ સોળની ઉમરે પતી. ૨
પડિ ગયું ખરે ઘર એકરે, સદય બેસતા રાખિ ટેકરે;
અરર કોણુને વાત આ કહું, અરર કોણુને આશરે રહું. ૩
પિયુ દટાઇને મર્ણ પામિયા, મુજ તણું નહીં સુખ પામિયા;
કરિજ દાડિયો દામ કામિયા, સરવ દામ તે આજ વામિયા. ૫
ક્રૂર અદેખડી માલણી કહું, સુખ બળો સદા તાહરૂં વદું.
કૂટ લોજારણી કૂટપાપણી, દુખદ મુજને દીધ સાપણી. ૬
જશે જડામુળે તાહરૂં નદી, તુજ થશે ઘણા માલણી મદી;
ગરવ તાહરો દશ ભાગશે, ગરિબ સ્ત્રી થકી શું હવે થશે. ૭
અકસમાત તેં કાળ આણિયો, જુલમિ માલણી જુલ્મ જાણિયો;
વિઠલદાસ કે' કેર આ થયો, ગજબ ગામમાં આ થઇ ગયો. ૮

"સારૂ સારૂરે સુરત શહેર મુંબાઇ અલબેલી એ રાગ."

થયો અહીં અતિશે કોપ, મહુવા બંદરમાં;
લાચારી પામ્યા લોક, મહુવા બંદરમાં ટેક.

કતપૂર બ્હારે પવન લાગ્યો, વાવાઝડીનું જોરરે;
તાણુ ખેંચ કરીને વ્હાણો, તોડી નાખ્યા દોર. મહુવા૦ ૧
દશ પાંચ વ્હાણો સંપ કરીને, નાસ્યાં સાગર વાટેરે;
કડેલી પોકાર કરે છે, કાં જાઓ શા માટે. મહુવા૦ ૨
તેમાં કોઇ ગયું સાગર રસ્તે, કોઇ ગ્યું ચિત્તી જણાયરે;
કોઇ તો પાસાભેર થઇ પડિયું, કોઇ જાય તણાય. મહુવા૦ ૩

એમ વ્હાણુ સઉ નાસી ચાલ્યાં, દશ પાંચ ડુબી પડિયાંરે;
બીજાને નુકસાની પહોંચી, એક બીજાપર ચડિયાં. મહુવા૦ ૪
કોઈના ભાંગ્યા હોડી મછવા, કોઇની કલમી ઉડીરે;
કોઈના ભાંગ્યા કુવા ટાંકી, કોઇની ભાગી કુંડી. મહુવા૦ ૫
કોઇ [1]નાવના ચાંદા ભાંગ્યા, કોઈની મોરી તુટીરે;
કોઇ વ્હાણુ રેતિમાં દટાયાં, જડેન એકે છુટી. મહુવા૦ ૬
એમ નુકશાની પચીશ વ્હાણે, મહુવા રેલ પ્રતાપરે;
વિઠ્ઠલદાસ કહે છે આજે, શું પહોચ્યાંછે પાપ. મહુવા૦ ૭

" તપોતપોરાજ તારો ઇંદ્રસમો એ રાગ."

મહુવા બંદરમાં માલણુ રેલી. માલણુ રેલી માલણુ રેલી મહુવા૦
કોપ કરીને માલણુ ચાલી, જઇ પહોંચી વડલી વ્હેલી. મહુવા૦ ૧
નાશ કીધો વડલી આખીનો, લિધા જાનવરો હડશેલી. મહુવા૦ ૨
બુટીએ જોર વધુ જોયામાં, માલણુ સાથે તે ફેલી. મહુવા૦ ૩
ભાદ્રોડગામે થઇ નુકસાની, ત્યાં પણુ ભાદ્રોડી બની ઘેલી. મહુવા૦ ૪
નેસવડ બાદરામાં થઇ હાની, વાઘનગર પહોંચી પ્હેલી. મહુવા૦ ૫
બિલા ખુંટવડાગોરસ ગામે, તાવીડા વાંકે તે ગેલી. મહુવા૦ ૬
વિઠ્ઠલદાસ વણિક વદેછે, મહુવાને રાનમાં તે રેલી. મહુવા૦ ૭

"સાખિયો."

રેલે વર્ત્તાવ્યો છે હાહાકાર, મહુવા બંદરમાંહી;
વાણી વિઠ્ઠલની ઉર ધાર, મહુવા બંદરમાંહી. ટેક.

કોપ થયો વીધી તણો કે, રૂઠયા રામજીરાય;
કોપ થયો કિરતારનો, કોપ મ્હાકાળિનો આ ગણાય. મહુવા૦ ૧
પનોતી બેઠી લોહની, શની દશા સમજાય;

---

1. વ્હાણુ.

ક્રાંતો રાહુ બારમો, મંગળ રાશી મોળી મનાય. મહુવા૦ ૨
વરસ્યો બત્રીશ ઈંચતો, આજ સુધી ચોધાર;
પાંચ દીને પંદર પડયા, જાણો સાતમને સોમવાર. મહુવા૦ ૩
વિઠ્ઠલદાસ વણિકની, વિનતી સુણો નરનાર;
આજ સુધી આવો પડયો, નહીં કોઈદીને વરસાદ. મહુવા૦ ૪

"બાળપણામાં બાળના એ રાગ."

મહાજન મળીને ચાલીયું, કરવા ગરિબોની વ્હાર;
અન્ન [1]ઉદક વસ્ત્રો આપિયાં, કરી અતિસારવાર. મહાજન૦ ૧
ખરચ્યા રૂપૈયા રોકડા, તેણે બે ત્રણ હજાર;
જો લીધી હોત ભાળતો, ઘણાં મરે નરનાર. મહાજન૦ ૨
મોનદાસ ત્રંબક શેઠે તો, આપ્યા રૂપૈયા રોક;
અન વસ્ત્રો પણ આપિયાં, સમાવ્યા સહુના શોક. મહાજન૦ ૩
લવજી ભાણજી દોશીએ, આ સમે પહેલ કીધ;
કુરમરા માંડવી લાડવા, શેવ ગાંઠિયા દીધ. મહાજન૦ ૪
હરખજી દોશી હાટથી, ઘાસ દીધું અપાર;
અન વસ્ત્રો પણ આપીયાં, સંતોષ્યા નરનાર. મહાજન૦ ૫
માનાભાઈ ગરાસિયા, મુળજી મંગળ જેહ;
દુર્લભ પારેખ જે વદું, રઘુ અમરશી તેહ. મહાજન૦ ૬
મનજી નથુભાઇ શેઠે તો, કીધીછે ઘણી મ્હેર;
ફંડ રચ્યું મુંબાઇ બંદરે, કરવા ગરીબોની લ્હેર. મહાજન૦ ૭
વાલજી લાલા કાનજી જેઠા, કરીમ રામજી જાણ;
તેઓએ દાન આપ્યાં અહીં, રાજી મુસલમાન. મહાજન૦ ૮
ધર્મશાળાઓ ખુલી મૂકી, મહાજને આણીવાર;

---

૧ પાણી.

ખુબ પકાવી ખીચડું, "ખાઓ ખાઓ" પોકાર. મહાજન૦ ૯
ખાવા ન આવે ખીચડું, લાજવાળા જે લોક;
તેને ઘરે મ્હાજન મોકલે, દાણા દુણી અથોક. મહાજન૦ ૧૦
વિઠ્ઠલદાસ વદે ખરૂં, જોયુંછે દ્રષ્ટે જેહ;
સ્હાયતા કીધી સર્વની, મ્હાજને મોટી તેહ. મહાજન૦ ૧૧

"રાગ ક્ષત્રી કલંકનો."

જાણી માહારાજ સાહેબે વાત, મહુવામાં માલણનદી રેલીરે;
આપ્યો તુર્ત હુકમ ખરેખાત. ,, ૧
રાખો ખુસિમાં રહીયત લોક, ,,
આપી અન વસ્ત્ર છોડાવો શોક. ,, ૨
કીધી સ્હાય મહાજને નીરધાર, ,,
તેનો બદલો વાળીશ કોઇવાર, ,, ૩
એમ વધા જી. સી. એસ. આઇ. ,,
બોલ્યા તખ્તસિંહજી નૃપત્યાંઇ. ,, ૪
સુણો સિમ્સસાહેબ આ વાર, ,,
સુણો હરીસિંહજી વહીવટદાર. ,, ૫
જાઓ તુર્ત તમે તે ગામ, ,,
કરો ગરીબ લોકોનાં કામ. ,, ૬
ખર્ચો જોયે તેટલાં દામ, ,,
રાખો પ્રજા ખુશીમાં તમામ. ,, ૭
આવ્યા સિમ્સસાહેબ તેવાર, ,,
આવ્યા હરીસિંહજી સરદાર. ,, ૮
દીયે અન ધન દામ દરરોજ, ,,
દીયે રૂપૈયા ગરીબોને રોજ. ,, ૯
ધકો બંધાવ્યો રક્ષણ કાજ, ,,

હવે રાજી પ્રજા રામરાજ. ,, ૧૦
ભરતખંડે ભાવનગરભૂપ, ,,
જાણું ધર્મિ દેવાંશિ સ્વરૂપ. ,, ૧૧
રાખે ઘણો પ્રજાપર પ્યાર, ,,
પ્રભૂ રાખજો સુખી પરિવાર. ,, ૧૨
વદે વિઠ્ઠલ વાણી અનુપ, ,,
ઘણું જીવજો ભાવનગર ભૂપ. ,, ૧૩

"રાગ સદરે."

દીપે હરીસિંહજી ઘણું દાન, મહુવામાં રેલ રમી ગઇરે; ટેક.
કરે સહુ લોકોનું સન્માન. ,, ૧
ત્યાંયે વહિવટદાર ઉદાર, ,,
જેથી કરે સહુનો સતકાર. ,, ૨
દાક્તર સાહેબે સરીતા વધાવ્યાં, ,,
સાચી ચુંદડી મોડિયો પધરાવ્યાં. ,, ૩
ઘણી દયા ઠાકોરદાસ મન, ,,
કીધું પુન્ય ન્યાયાધીસે તે દીન. ,, ૪
જાણ્યું મણિલાલે જે વખ્ત, ,,
ઊઠ્યા બંદોબસ્ત કર્વા તર્ત. ,, ૫
કરે ફોજદાર થઇ હુસિયાર, ,,
તેણે મ્હેનત કીધી અપાર. ,, ૬
બચ્યું ગામ મહારાજ પુન્યે આજ, ,,
જેથી વિઠ્ઠલ વદે સર્યું કાજ. ,, ૭

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપી ઉદારતા બતાવી તેઓ સાહેબોના મુબારક નામ.

૧૦૦	મે. હરીસિંહજી જેસાભાઈ વહિવટદાર સાહેબ.	મહુવા.
૫૦	મે. દાક્તર સાહેબ ધનજીશાહ. ડીસ્પેન્સરી.	,,
૫૦	મે. ઠાકોરદાસ નવલચંદ ન્યાયાધીસ સાહેબ.	,,
૫૦	મે. મણિલાલ મનસૂખરામ ન્યાયાધીસ સાહેબ.	,,
૫૦	મે. નવનિધરાય ગણપતરામ દીપોટી વહીવટદાર.	,,
૨૫	પ્રભાશંકર ભગવાનજી આસિષ્ટંટ પોલીશ સુપરીન્ટેડેન્ટ.	,,
૧૫	મે. ગુલાબીદાસ મગનલાલ પોલીસ ફોજદાર.	,,
૨૫	મે. માનજી સાલેભાઈ મ્યુનિસિપાલ ખાતાના સેક્રેટરી.	,,
૨૫	મે. કસળાભાઇ માનાભાઈ રાજુલા મીઠખાતાના ઇન્સપેક્ટર.	,,
૧૦	મે. દાદાભાઈ ખરસેદજી ડુંગરતપાના પોલીસ ફોજદાર.	,,
૨૫	રા. લક્ષ્મિદાસ ભગવાન શેઠ.	,,
૨	રા. રામચંદ દામજી દોશી.	,,
૫૨૦	રા. રામજી મોરારજી વોરા. જાફરાબાદવાળા.	,,
૨૦	રા. જગજીવનદાસ રણછોડદાસ દોશી.	,,
૨૦	રા. ગીરધર વનરાવનદાસ ગોરડીયા.	,,
૨૫	ખોજા. દેવજીભાઇ નથુભાઇ.	,,
૨૫	ખોજા નુરમહામદ વાલજી.	,,
૨૫	ખોજા. કાનજી જેઠા,	,,
૧૫	ખોજા. કરીમ રામજી.	,,
૫૦	ભાઇશંકર વિશ્નુરામ ઓઝા કુંડળા બુકસેલર.	,,
૧૦	રા. હરજીવનદાસ હરીશંકર. વકીલ.	,,

૧૦ રા. વસનજી ડાહ્યાભાઈ.	દેસાઈ.	મહુવા.
૧૦ રા. નરોતમદાસ કેશવજી પુંજા. ઝવેરી.		,,
૧૦ સોની. નાનજી આતા.	વૈદ,	,,
૧૦ અધ્યારૂ જટાશંકર ભાણજી.		,,
૧૦ અધ્યારૂ મહાશંકર વેલજી.		,,
૧૦ સોની. પીતામર ગીગા.		,,
૨૦ એક સદગૃહસ્થ સ્ત્રી.		,,
૧૫ પારેખ. મીઠા વશરામ,		,,

૭૫૫

વિજ્ઞપ્તિ.

ગૃહસ્થો અમારા તરફથી ગદ્ય પદ્ય સહીત એક કલ્પિત નાટક રચાઈ બ્હાર પડનાર છે. જેનું નામ–"અંબા ગવરી દુઃખ દર્શક નાટક" ઠરાવવામાં આવેલ છે. નાટકની પદ્ધતી સહેલી અને સમજી શકાય તેવી છે. આ નાટક ત્રીઅંકી અદ્રષ્ય થશે. રમુજ સાથે સુબોધ મળે તેવા પ્રકારની સગવડ કરવામાં આવીછે. સાહેબો ઝાઝ. વખાણ નહીં કરતાં ટુકામાં કહીયે છીયે કે, નાટકની શૈલી જોવાથી કિંવા વાંચવાથી માલુમ પડશે.

આ નાટક બાળ લગ્નથી થતા ગેરફાયદા દર્સાવવા તથા આપણા આર્ય ભાઇયો પોતાની કુમળી બાળાને કુળવાન કંથ જોઇ લાકડે માંકડું બઝાડી પોતાની પ્યારી પુત્રીને દુઃખદરિયામાં ઉસેટી દિયે છે. અને તેવા ધાતકી દુઃખથી તેઓ બિચારીયો પોતાનો અમર આત્મા તેના કર્તા પાસે ખડો કરેછે. તે સમંધીનો ચિતાર આ નાટકમાં લાવવામાં આવ્યોછે.

આ નાટકની કીમત ફક્ત આઠ આના રાખવામાં આવી છે.

પુરતા ગ્રાહકો થયા સિવાય છપાવવામાં આવશે નહીં. ૧૯૪૭ ના શ્રાવણ સુદ ૧૨ ને સોમવાર.

વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ધોળકિયા પ્રગટ કર્ત્તા.

મુ. મહુવા બંદર. કવી. દાકતર. ઠા. અમારે દવાખાને.

નોટપેટ પત્ર લેવામાં આવશે નહીં. જે સાહેબોને નકલો જોઈએ તેઓએ ટપાલ દ્વારાએ ખબર આપવા. વીઠલદાસ પરમાનંદદાસ.

અમારા તરફથી નીચેનાં પુસ્તકો છપાશે.

અંબાગવરી દુઃખદર્શક નાટક (ગદ્યપદ્ય)	કીમત.	૦—૮—૦
મહુવા રેલ. (પદ્ય)	,,	૦—૧—૬
વિઠ્ઠલકાવ્ય વિભાગ પહેલો (પદ્ય)	,,	૨—૦—૦
રણધીરો રજપૂત (એક વાર્તા ગદ્યપદ્ય)	,,	૧—૦—૦
ઈશ્વર સ્તુતી (પદ્ય)	કીમત	૦—૮—૦
મિત્ર વિરહ (પદ્ય)	,,	૦—૪—૦
કોલેરા કોપ (૧૯૪૬ ની સાલનો પદ્ય)	,,	૦—૩—૦
ગૌરક્ષક ગાયન (પદ્ય)	,,	૦—૩—૦
પ્યારાપ્યારીનું વિયોગી વર્ણન (પદ્ય)	,,	૦—૨—૦
વિરોજી રજપૂત (ગદ્ય પદ્ય)	,,	૦—૧૨—૦

ઉપરના તમામ પુસ્તકો યોગ્ય નકલો ભરાયેથી છપાવવામાં આવશે. નોટપેટ પત્ર લેવામાં આવશે નહીં. ઉપર લખેલી બુકો મહાથી કેટલાક ગૃહસ્થો યાતો હુદેદારોને અર્પણ કરવામાં આવશે. એજ. તા. સદર ૧૯૪૭ ના શ્રાવણ શુદ ૧૨ સોમવાર.

વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ધોળકિયા કવી દાકતર. મુ. મહુવા બંદર. ઠા. અમારે દવાખાને.